આકાશવાણી –ભુજ

સમાચાર વાચક: નેહલ ઠક્કર

કમ્પ્યુટરરાઈઝ: મીત ગોર

તારીખ :૨૩-૦૯-૨૦૨૪ સમય: સાંજે : ૬:૨૫

## 108 ઇમરજન્સી એમ્બુલન્સ

રાજ્યમાં 108 ઇમરજન્સી એમ્બુલન્સ સેવા શરૂ થઈ ત્યારથી આ ઑગસ્ટ મહિના સુધીમાં વિક્રમજનક એક કરોડ 66 લાખથી વધુ કૉલ મેળવીને સફળતાપૂર્વક તાત્કાલિક સેવા પૂરી પાડી છે. તેમજ 15 લાખ 52 હજારથી વધુ લોકોના જીવ બચાવ્યા છે. જ્યારે પ્રસુતિ સંબંધિત 55 લાખ 39 હજારથી વધુ અને માર્ગ અકસ્માતના 20 લાખ 32 હજારથી વધુ કિસ્સામાં સેવાઓ આપી હોવાનું સત્તાવાર આંકડા પરથી જાણવા મળ્યું છે.

108 સેવાએ જેતે સ્થળ પર એમ્બુલન્સમાં અત્યાર સુધીમાં એક લાખ 49 હજારથી વધુ સફળ પ્રસુતિ પણ કરાવી છે. આ સેવા અંતર્ગત વર્ષ 2012થી કાર્યરત્ 414 જેટલી ખિલખિલાટ વાનનો એક કરોડ 13 લાખથી વધુ, આરોગ્ય સંજીવની-મૉબાઇલ આરોગ્ય એકમમાં કાર્યરત્ 256 વાન થકી 2 કરોડ 79 લાખથી વધુ નાગરિકે લાભ લીધો છે.

ઉપરાંત વર્ષ 2020માં 10 ગામદીઠ ફરતું પશું દવાખાનું અને વર્ષ 2023માં કેન્દ્ર સરકાર પુરસ્કૃત ફરતું પશુ દવાખાનાની કુલ 586 વાન સેવારત્ છે, જેમાં 70 લાખથી વધુ પશુની સારવાર પણ થઈ છે.

RNU અમદાવાદ

---

## ભુજ –જીલ્લા સેવા સદન બેઠક :

આજ રોજ જિલ્લા સેવા સદન ભુજ ખાતે જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની તેમજ જિલ્લા તકેદારી સમિતિની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં નવી ખોલવાની સરકારી વાજબી ભાવની દુકાનો, પરવાનો રદ, ચાર્જમાં આપવામાં આવેલી દુકાનો, નવી બ્રાંચ માટેની તાલુકાકક્ષાએથી દરખાસ્તો વગેરે બાબતોની સમીક્ષા કરવામાં આવી હતી.

આ બેઠકમાં ગ્રામ, શહેરી અને તાલુકામાં તકેદારી સમિતિની બેઠક બોલાવવામાં આવે અને સમિતિની જ્યાં જરૂર છે તે ગામમાં પુનઃરચના કરવામાં આવે તેમ બેઠકના સમિતિના સભ્યો દ્વારા સૂચના આપવામાં આવી હતી. આ ઉપરાંત iPDS પોર્ટલ ઉપર બેઠક કાર્યવાહી નોંધ અપલોડ કરવી, NFSA-Non NFSA કાર્ડધારકોના ઈ-કેવાયસીની પ્રક્રિયા, સરકાર માન્ય વાજબી ભાવની દુકાનદારોને મળવાપાત્ર કમિશન વગેરે બાબતોની સમીક્ષા બેઠકમાં કરવામાં આવી હતી.

જિલ્લા વિકાસ અધિકારી એસ.કે. પ્રજાપતિએ બેઠકમાં ઉપસ્થિત રહીને સરકારશ્રીના નિયમોનુસાર જાહેર વિતરણ વ્યવસ્થા જળવાઈ  રહે તે માટે સૂચનાઓ આપીને માર્ગદર્શન પુરૂં પાડ્યું હતું.

માહિતી ખાતું / નેહલ ઠક્કર

## મોટા યક્ષનો મેળો

નખત્રાણા તાલુકના સાંયરા ગામે  મિનિ તરણેતર સમો મોટા યક્ષના લોકમેળામાં માનવ મહેરામણ ઉમટી પડ્યું છેઆજે સવાર થી જ આસપાસના ગામડાઓ પાંખી પાડીને જખદાદાનો  મેળો માણ્યો હતો. યક્ષદાદાના મંદિરે ભાવિકોની લાઈન લાગી હતી. રવિવારની રાત્રીએ મોટી સંખ્યામાં લોકોએ મેળાને માણ્યો હતો. આજે રાત્રે મેળામાં રામદેવપીરનો જીવન ચરિત્ર આખ્યાન યોજાશે. રવિવારે રાત્રે સંતવાણી સહિત ના કાર્યક્રમ યોજાયા હતા. આવતીકાલે મેળા માં બખ મલાખડો યોજશે..ભારે વાહનોના પસાર થવા પર પ્રતિબંધના કારણે લોકોને ટ્રાફિકમાં મુક્તિ મળી છે સારાં ચોમાસાંને પગલે મેળામાં  મુલાકાતીઓ વધ્યા હોવાનું જાણવા મળ્યું છે

NP / નેહલ ઠક્કર

## ભૂકંપના આંચકા

કચ્છ જિલ્લામાં આજે સવારે ભૂકંપના હળવા આંચકાઓ અનુભવાયા હતા. અમારા પ્રતિનિધિ હેમાંગ પટ્ટણી જણાવે છે કે, આજે સવારે દસ વાગ્યેને પાંચ મિનિટે રિક્ટર સ્કેલ પર 3.3ની તીવ્રતાનો આંચકો નોંધાયો હતો, જેના કારણે નજીકના ગામોમાં ધ્રુજારી અનુભવાઈ હતી. આ ભૂકંપનું કેન્દ્ર બિન્દુ રાપરથી 12 કિલોમીટર દૂર નોંધાયું હતું.

RNU અમદાવાદ

---

## એક અગત્યની જાહેરાત:

મોદી સરકારના ત્રીજા કાર્યકાળના 100 દિવસ પૂર્ણ થવા નિમિત્તે આકાશવાણી ભુજ સમાચાર વિભાગ દ્વારા પ્રસ્તુત વિશેષ કાર્યક્રમ “વિકસિત ભારત તરફ પ્રયાણ” આજે સોમવારે રાત્રે સાડા 9 વાગ્યે આકાશવાણી ભુજ કેન્દ્ર પરથી પ્રસારિત કરાશે.

અશરફ નથવાણી

---

## ગાગોદર- 66 કેવી સબ સ્ટેશન

રાપર તાલુકાના ગાગોદર ગામે 66 કેવી સબ સ્ટેશનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જ્યોતિગ્રામ અને ખેતીવાડીની લાઈનો ચાલુ કરાવી ગાગોદર, કાનમેર, સાંય ધાણીથર ગામોને સતત વીજ પુરવઠો મળતો રહે તે હેતુ થી નવા સબ સ્ટેશનનું લોકાર્પણ રાપર વિધાનસભા મત ક્ષેત્રના ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજાના હસ્તે કરવામાં આવ્યું હતું.

નેહલ ઠક્કર

---

# વરસાદ ની આગાહી

રાજ્યના હવામાન વિભાગે આજે દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ અને અન્ય વિસ્તારોમાં મધ્યમથી હળવા વરસાદની આગાહી કરી છે. રાજ્યમાં છેલ્લા 24 કલાકમાં આઠ જિલ્લાના 20 તાલુકામાં સામાન્ય વરસાદ વરસ્યો છે. સત્તાવાર આંકડા મુજબ, રાજ્યમાં અત્યાર સુધી મોસમનો કુલ સરેરાશ 125 ટકા વરસાદ નોંધાયાના અહેવાલ છે. આમાંથી સૌથી વધારે 183 ટકા વરસાદ કચ્છ અને 130 ટકા વરસાદ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં વરસ્યો છે.

રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા બંધમાં અત્યાર સુધીમાં કુલ સંગ્રહ ક્ષમતાના 97 ટકા પાણીનો સંગ્રહ થયો છે. જ્યારે 109 બંધ સંપૂર્ણ ભરાઈ ગયા છે. તો 64 બંધ 70થી 100 ટકા વચ્ચે અને 18 બંધ 50થી 70 ટકા વચ્ચે ભરાયા છે.

RNU □ મદાવાદ